# દાનિયેલની જેમ આપણે ઈશ્વર સાથે વાત કરીએ.

**જેઓ બાળકોને શિખવે છે તેઓ અભ્યાસ P6b વાંચે.**

**પ્રાર્થના :** ''આકાશમાં બાપ, અમારી વાંરવાંર ની જરૂરિયાતો માટે તમને શોધવા અને તમારી સાથે વાત કરવા તમારા લોકોને દોરવા મહેરબાની કરી મને જ્ઞાન અને વફાદારી બક્ષો ''

**૧. વિશ્વાસુ સાથે લોકોને પ્રાર્થનામાં દોરવા તમારૂં હૃદય તૈયાર કરો.**

આ દરેક વિશ્વાસીઓએ ઈશ્વરની જુદી રીતે પ્રાર્થના કરી તે વિષે પવિત્ર શાસ્ત્ર માંથી શોધી ને લખો.

સુલેમાન, ૨ કાળવૃતાંત ૬:૧૨-૧૭
યાબેસ, ૧ કાળવૃતાત ૪: ૯ અને ૧૦
હાન્ના, ૧ શમુએલ ૧: ૯-૧૩
દાઉદ, ૨ શમુએલ ૭: ૧૮-૨૨
દાનિયેલ, દાનિયેલ ૯: ૩-૧૯
ખ્રિસ્તીઓ, પ્રે.કૃત્ય ૪: ૨૪- ૩૦


દાનિયેલ

**નોંધ :** આપણે બોલી ને અથવા શાંત રીતે ઊભા રહી ને, બેસીને અથવા ધૂંટણે પડીને પ્રાર્થના કરી શકીએ

આપણે કેવી રીતે પ્રાર્થના કરીએ તેવું ઈશ્વર ઈચ્છે છે તે પવિત્ર શાસ્ત્રમાંથી **શોધો.**

- ખાનગીમાં માત્થી ૬: ૬-૮ નોધ: ખ્રિસ્તીઓએ હંમેશા ઈશ્વર જોઈ શકે અને સાંભળી શકે તેવી રીતે પ્રાર્થના કરવી પણ બીજા લોકો જુએ અને સાંભળે તેવી રીતે કદી પ્રાર્થના કરવી ના જોઈએ.
- બીજાઓને માફી બક્ષીને માત્થી ૬: ૯-૧૫ નોધ: ખ્રિસ્તીઓ ઘણી ભૂલો કરે છે પાપો કરે છે તેથી તેમણે પ્રભુ તેમને માફ કરે તે માટે પ્રાર્થના કરવી જોઈએ પણ ઈશ્વર આપણે બીજાઓને તેમના ગુનાઓ બદલ માફી આપીએ ત્યારે જ.માફ કરે છે.
- પ્રશ્ચાતાપ સાથે લુક ૧૮: ૧૦-૧૪ કોઈ જ પ્રાર્થનાનો ઈશ્વર તરફથી જવાબ મેળવવા લાયક નથી તેથી આપણે જયારે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણા પાપોની કબુલાત કરીએ પણ આપણે કેવા સારા છીએ તેવી બડાઈ ન કરવી.
- આધિન પત્નીઓ અને વિવેકી પતિઓ માફક ૧ પિતર : ૩: ૧-૯, આપણા સ્વર્ગીય પિતા આપણા સાથી સાથે જેવું વર્તન કરીએ છીએ તેવું જ તે આપણને કરશે.
- આભાર સાથે ૧ થેસ્સા ૫ : ૧૬-૧૮ નોંધ : ઈશ્વર સદાકાળથી ભલા છે અને આપણું ભલુ થાય તે રીતે આપણી પ્રાર્થનાઓનો ઉત્તર આપે છે.



પવિત્ર શાસ્ત્રમાંથી જાણો બીજા ધર્મોની પ્રાર્થનાઓથી ખ્રિસ્તી પ્રાર્થનાઓ જુદા જ પ્રકારની છે.

- ઈસુના નામથી યોહાન ૧૫: ૧૬: ૧૬: ૨૪
- પવિત્ર આત્માથી યહુદાનો પત્ર ૨૦ અને ૨૧
- ઈશ્વરને બાપ કહીને માત્થી ૬:૯

વિશ્વાસીઓને ઈશ્વર તેમની પાસે કંઈક માગવાનુ કહે છે તે પવિત્ર શાસ્ત્ર માંથી **શોધો.**

માત્થી ૬:૧-૧૩
પ્રે.કૃત્યો ૪ :૨૭-૩૦
એફેસી ૧ :૧૫-૨૦
યાકુબ ૧ :૨-૫
યાકુબ ૫ : ૧૩-૧૬

દાનિયેલ ૬ વાંચો અને નોંધ કરો :

- કલમ ૬.૧-૪ દાર્યાવેશ રાજાના અમલદારો દાનિયેલની કેમ ઈર્ષા કરતા હતા ?
- કલમ ૫-૯ દાનિયેલને મારી નાખવાની હાકેમની દુષ્ટ યોજના
- ક.૧૦-૧૧ તેમની યોજના વિષે દાનિયેલે જાણ્યા પછી શું કર્યુ ?
- કલમ ૧૨-૧૫ દુષ્ટ માણસોએ સંમત થવા રાજાને કેવી રીતે ફરજ પાડી ?
- કલમ ૧૬-૨૨ ઈશ્વરે દાનિયેલને કેવી રીતે બચાવ્યો ?
- કલમ ૨૩-૨૪ દાર્યાવેશ રાજા એ દુષ્ટ માણસોનુ શું કર્યુ ?
- કલમ ૨૫-૨૮ દાર્યાવેશ રાજાએ ઈશ્વરનો મહિમાં કેવી રીતે કર્યો તે શોધો.



**૨. આગામી અઠવાડિયા માટે કરવાની પ્રવૃત્તિઓની તમારા સાથી.**

કાર્યકરો સાથે યોજના કરો જરૂરિયાતમંદ મંડળીના ભાઈ બહેનોની મુલાકાત લઈ તેમની સાથે પ્રાર્થનામાં જાઓ.

પ્રાર્થના કરતા જયાં ખ્રિસ્તીઓ ઓછા છે અથવા નથી તેવા વિસ્તારમાં જઈ લોકો માટે પ્રાર્થના કરો જે ઘરો (કુટુંબો) સુવાર્તા માનવા તૈયાર હોય તે ઈશ્વર બતાવે અને તેમને આશિર્વાદ આપે તેવી વિનંતી કરો.

જેઓ તાજેતરમાં જ વિશ્વાસી થયા તેઓને કુટુંબમાં દરરોજ અને ખાનગીમાં પ્રાર્થના કરવાનુ શીખાડવા તેમની મુલાકાત લો.

**૩. આગામી ભજનસેવા માટે તમારા સાથી કાર્યકરો સાથે આયોજન કરો.**

વર્તમાન જરૂરીયાતો અને સ્થાનિક રિવાજોને અનુરૂપ પ્રવૃત્તિઓ પસંદ કરો

દાનિયેલના ૬ઠ્ઠા અધ્યાયમાંથી દાનિયેલની વાર્તા કહો અથવા નાટક ભજવો.

તમે જે ભાગ ૧ માથી પ્રાપ્ત કર્યુ તે અંગેના સવાલો પૂછો.

બાળકોએ તેમણે તૈયાર કરેલા નાટક, કાવ્ય અને પ્રશ્નો રજુ કરવા દો.

માત્થી ૬:૯-૧૩ માંથી ઈસુએ શીખવેલી પ્રાર્થના મંડળી સાથે સાથે બોલે.

ભાગ ૧ માં જણાવેલ ભાગને સ્પષ્ટ કરતાં સમુહને પ્રાર્થના કરતા શીખવો અને સમુહને તેની જરૂરિયાત માટે પ્રાર્થનામાં દોરો.

વિશ્વાસીઓને નિત્ય કૌટુંબિક પ્રાર્થના કરવા, પ્રોત્સાહિત કરો.

૧ થેસ્સા,૫:૧૭ '' પ્રાર્થના કરવાનુ ચાલુ રાખો '' યાદ રાખો.

પ્રભુ ભોજનનો પવિત્ર સંસ્કાર પાળવા માટે દાનિયેલના પુસ્તકનો પહેલો અધ્યાય વાંચો. કેવી રીતે તે સમયે ઈશ્વરે મના કરેલ ખોરાકને બદલે દાનિયેલના ત્રણ મિત્રોએ ઉતમ ખોરાક પંસદ કર્યો. આપણે પ્રભુ ભોજનમાં સર્વોતમ ખોરાક ખાઈએ છીએ તે સ્પષ્ટ કરો.

વિશ્વાસીઓને પ્રાર્થના કરવા કહો.

જીવનમાં ઈશ્વરતરફથી મળેલા ઉતમ વાના માટે, તેનું રક્ત જે સર્વ પાપોથી શુદ્ધ કરે છે, તેને માટે અને જીવનની રોટલી જે ઈસુ છે તેને માટે દેવનો આભાર માનો.